**ક્રિ.કેસ નં.૧૦૪/૦૩**

**એ.પી.પી.શ્રીની અરજી આંક લગત હુકમ :–**

વિધ્વાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે.જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનો તા.૦૯/૦૨/૧૮નો પત્ર હુકમ નં.ડીસી/સીટીઝેડ/મેટ્રો. કોર્ટ / લોકઅદાલત/ડોરમેંટ કેસ/પરત/૦૧/૨૦૧૮થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનાએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણાં લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થયા સિવાય પેન્ડીંગ રહેલ છે . વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો, સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હીતમાં તથા ન્યાયના હીતમાં વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હીતમાં જણાય છે. આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

**::: હુ ક મ :::**

આથી ક્રિમી.પ્રો.કોડ કલમઃ૩૨૧ અન્વયે વિધ્વાન એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વીડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૧. મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.

૨. મુદ્દામાલની રોકડ રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

૩. પોલીસે કબજે કરેલ મુદ્દામાલનું વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલો ન હોય તો મુદ્દામાલનું વાહન તેના રજીસ્ટર ઓનરને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી, ઓળખની ખાતરી કરી પરત આપવું.

૪. બિનકીમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૦–૦૨–૧૮ (એન.એસ.સીદીકી)

અમદાવાદ એડી.ચીફ મેટ્રપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૭,

અમદાવાદ જજ કોડ નં.જી.જે.૦૦૬૫૦